ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૯-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

'રાઇટ ટુ રીજેક્ટ' ઐતિહાસિક ચુકાદો

સુપ્રીમ કોર્ટના એક સિનિયર એડવોકેટની અરજી પર લાંબી ચર્ચા વિચારણાને અંતે ભારતીય મતદાતાને ચૂંટણી લડતા તમામ ઉમેદવારોને જાકારો આપવાનો-રિજેક્ટ કરવાનો ઐતિહાસિક અધિકાર આપીને સર્વોચ્ચ અદાલતે લોકશાહીના ઈતિહાસમાં સીમા ચિહ્નરૂપ કહી શકાય એવું પગલું ભર્યું છે. આ ચુકાદાની ઘણી લાંબા ગાળાની અસરો ઊભી થશે. એથી સમાજ અને રાજકારણમાં અનેકવિધ વમળો સરજાશે અને લોકશાહી વધુ મજબૂત બનીને ઊભરી આવશે એમાં શંકાને સ્થાન નથી. અત્યાર સુધી ભારતીય મતદાતાને ફક્ત ઉમેદવારને બહુમતીથી ચૂંટાતા અટકાવી શકશે. એ માટે વોટિંગ મશીનમાં વિવિધ ઉમેદવારોનાં નામ અને પ્રતીકો ઉપરાંત એક ખાસ બટન હશે: 'કોઈ નહીં' અર્થાત સદરહુ ચૂંટણી લડી રહેલા તમામ ઉમેદવારો પૈકી મતદાર કોઈને પણ પસંદ નહીં કરતો હોય તો એ ઘરાર 'કોઈ નહીં'નું બટન દબાવી પોતાનો મત દર્શાવી શકશે. જો આ 'કોઈ નહીં'નું બટન દબાવી પોતાને મતો કરતાં વધારે હશે તો એ તમામ ઉમેદવાર ચૂંટણી હારી ગયેલા ગણાશે. તે મત વિસ્તારમાં ફરીથી ચૂંટણી યોજી મતદારોને એમની પસંદગીનો ઉમેદવાર ચૂંટવાની તક અપાશે. સર્વોચ્ચ અદાલત મુજબ ભારતનું બંધારણ જેમ મતદાતાને મત આપવાનો અધિકાર આપે છે તે જ રીતે કોઈને પણ મત નહીં આપવાનો 'નેગેટિવ' અધિકાર પણ આપે છે, જેથી આ બેઉ નાગરિક તરીકે એના મૂળભૂત અધિકારો ગણાશે. આવા નેગેટિવ અધિકારની ઝુંબેશ ઉપાડનાર સિનિયર એડવોકેટે આ મુદ્દો અત્યંત રોચક ઉદાહરણ દ્વારા સમજાવતાં પત્રકારોને જણાવ્યું હતું: ધારો કે એક સ્ત્રી ચાર ગુંડાઓની નજરે ચડી જાય છે. એ ચાર પૈકી એકેની સાથે જવા સહમત નથી, છતાં પેલા ચાર ગુંડાઓ એમને મળેલા 'ઉમેવાર' તરીકેના વિશેષાધિકારથી એક મુદ્દે મુસ્તાક હોય છે કે આપણા પૈકીના કોઈ એક પર તો એણે પસંદગી ઉતારવી જ પડશે. આખરે નાછૂટકે બિચારી ઓછા અનિષ્ઠને તાબે થઈ જાય છે. આપણી અત્યાર સુધીની ચૂંટણી પ્રક્રિયામાં મતદારને આવી અણગમતી પસંદગી પર મહોર મારવી પડતી હતી. કાં તો બિલકુલ મતાદનના અધિકારનો ઉપયોગ જ ન કરે, અથવા બધા જ ઉમેદવારો નકામા લાગતા હોય છતાં મન મારીને કોઈએકને મત આપી આવે. સર્વોચ્ચ અદાલતે હવે આ મતદારને એનો સાચો વિકલ્પ ઉપલબ્ધ કરાવી આપી ઐતિહાસિક કદમ ભર્યું છે. મતદાર ઘરાર એનો નેગેટિવ મત આપી શકશે અને જણાવી શકશે કે આ ચૂંટણીમાં ઊભેલા મુરતિયા પૈકી એકેયને પોતે પસંદ નથી કરતો. એમની ગેરલાયકાતનું આવું પ્રમાણપત્ર ઉમેદવારોને અને રાજકીય પાર્ટીઓને ખાસ્સું કઠશે પણ ખરું. દાખલા તરીકે ગાંધીનગરની લોકસભાની બેઠક પર ઊભા રાખવામાં આવેલા કૉંગ્રેસ અને ભાજપના બેઉ મહારથી ઉપરાંત અન્ય પક્ષોના તથા અપક્ષ ઉમેદવારો પૈકી એક પણ 'લાયક'નથી એવું કહેનારા મતદારોની સંખ્યા પરથી એ પક્ષઓને પણ બ્રહ્માન થશે કે મતદારોને આપણાં ધોરણો મુજબ ઊભા કરેલા ઉમેદવાર ગમતા નથી. પરિણામે રાજકીય પક્ષો પ્રમાણમાં સ્વચ્છ, બિનવિવાદાસ્પદ અને લોકપ્રિય ઉમેદવારોને ચૂંટણીમાં ઉતારવાનું વિચારશે. મતદાતાઓ માટે આ વધારાની સુવિધા ઊભી કરી આપવામાં ચૂંટણી પંચને ઝાઝી તકલીફ પડવાની નથી. ફક્ત ઈવીએમ મશીનોમાં 'કોઈ નહીં'ની એક વધારાની બટન સાથેની એન્ટ્રી જ ઉમેરવાની રહેશે. પરંતુ એથી જનસાધારણ- ભારતીય મતદાતાના ગૌરવમાં એક છોગું જરૂર ઉમેરાશે. 'રાઇટ ટુ વોટ એન્ડ ઈલેક્ટ'- ચૂંટવાના હક સાથે જ આ નવો મૂળભૂત અધિકાર 'રાઇટ ટુ રિજેક્ટ' જોડાઈ જતાં, રાજકીય પક્ષોમાં બાહુબલી, ગુંડા અને ભ્રષ્ટાચારી ઉમેદવારોની બોલબાલા જામી છે તેમાં સુધારો થશે. 'મની' અને 'મસલ' પાવરને બદલે ઉમેદવારનું ચારિત્ર્ય અને સેવા ધ્યાનમાં લેવાશે. જો કે આપણા રાજકીય પક્ષોને તો 'વર મરો, કન્યા મરો પણ ગોર મહારાજનું એટલે કે અમારું તરભાણું ભરો' વાળી કૂટનીતિ અનુકૂળ આવી ગઈ છે. તેથી બે વર્ષ કે એથી વધુ સજા પામેલા ગુનેગારોની જેમ એવા સાંસદો કે ધારાસભ્યોને રદબાતલ જાહેર કરી ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવતા સર્વોચ્ચ અદાલતના ઐતિહાસિક ચુકાદા સામે જે રીતે બધા રાજકીય પક્ષો ભેગા થઈને અનુકૂળ કાયદો ઘડવા તૈયાર થઈ ગયા છે તેમ આ મુદ્દે પણ એવો જ કોઈ ખરડો પસાર કરી દે તો નવાઈ નહીં. સર્વોચ્ચ અદાલતના આ ચુકાદામાં મતદાતાનું ગૌરવ થતું હોઈ એને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં જ ગણાશે.

શંકરસિંહ બાપુ કોલેજ સ્ટેન્ડે એસ.ટી. બસો ઉભી ન રહેતા વિદ્યાર્થીઓને હાલાકી

બસ ડ્રાયવરોની મનમાની, તંત્ર દ્વારા તપાસ કરી પગલાં ભરાય તેવી માંગ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરથી નજીક આવેલી શંકરસિંહ બાપુ કોલેજમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે. આ કોલેજમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ એસ.ટી. બસમાં આવન જાવન કરે છે. પરંતુ આ કોલેજના સ્ટેન્ડ ઉપર એસ.ટી. બસો ઉભી ન રહેતાં વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. બસ ડ્રાયવરો પોતાની મનમાની ચલાવી કાયદેસરના અપાયેલા સ્ટેન્ડે બસ ન ઉભી રાખી આગળનું વાસણ મહાદેવ સ્ટેન્ડે બેસવાનો અને ઉતરવાનો આગ્રહ રાખતા હોવાનું જાણવા મળેલ છે. જેથી તંત્ર દ્વારા આ અંગે તપાસ કરી વિદ્યાર્થીઓના હિતમાં યોગ્ય કાર્યવાહી થાય તેવી વાલી વર્ગે માંગ કરી છે.

ગાંધીનગરથી ફકત આઠ કિ.મી.ના અંતરે આવેલી શંકરસિંહ બાપુ ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજી કોલેજ આવેલી છે. આ કોલેજમાં એન્જીનીયરીંગ, ફાર્મસી અને ડિપ્લોમાના અભ્યાસ અર્થે હજારો વિદ્યાર્થીઓ દૈનિક બહારગામથી એસ.ટી. દ્વારા આવન જાવન કરે છે અને આ વિદ્યાર્થીઓએ એસ.ટી.ના વિદ્યાર્થી પાસ પણ મેળવી લીધેલા છે.

શંકરસિંહ બાપુ કોલેજ કાયદેસરનું બસ સ્ટોપ હોવા છતાં એસ.ટી.ની બસો ઉભી ન રહેતા વિદ્યાર્થીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વળી ડ્રાયવરો બસ ખાલી હોવા છતાં પોતાની મનમાની ચલાવી બસ ઉભી રાખતા નથી અને વિદ્યાર્થીઓને બસ ન મળતા તેમના અભ્યાસ ઉપર માઠી અસર થાય છે.

આ અંગે ગાંધીનગરના ડેપો મેનેજરે જણાવ્યું હતું કે તંત્ર દ્વારા સ્ટોપેજ આપેલું છે અને ડિવિઝનલ કક્ષાએથી આ બાબતે નિર્ણય લેવાતો હોય છે છતાં પણ વિદ્યાર્થીઓના હિતમાં હું ચોકકસ રજુઆત કરીશ. કોલેજ સમયે બેશટલ મુકેલા છે જમેને સુચનાઓ આપવામાં આવી છે.

આ કોલેજના વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે હેતુસર તંત્ર દ્વારા આ અંગે ખાનગી તપાસ કરી ઉભી ન રહેતી બસોના ડ્રાયવર વિરૂધ્ધ પગલાં લઈ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ વિદ્યાર્થીઓ દ્વારા કરાઈ છે.

વરસાદ ક્યા સુધી આવશે !? ક્યા સુધી આવશે ? અમને હવે ન પુછો અમે આ સી.બી.આઈ.ને સોંપી દીધું છે... ત્યા જાવ...!!

શ્રાદ્ધ પક્ષ નિમિત્તે સામુહિક તર્પણ વિધિ

ગાંધીનગર, તા. ૨૭

સેક્ટર-૧માં આવેલા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા જે ભાવિકોને પિતૃઓના શ્રાદ્ધની તારીખ કે તિથીની જાણ ના હોય તેમના પિતૃતર્પણ માટે અમાસના દિવસે સામુહિક પિતૃતર્પણનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર માનવ જીવનમાં સોળ સંસ્કારની વૈદિક વિધિથી સંપન્ન કરાવે છે. શ્રાદ્ધના આ દિવસોમાં ક્યારેક પિતૃઓના શ્રાદ્ધની તારીખ કે તિથી જાણમાં ના હોય તો ભાદરવા માસના છેલ્લા દિવસ અમાસે સામુહિક તર્પણ વિધિમાં ભાગ લઈ પિતૃતર્પણ કરી શકે છે. આ કાર્યક્રમ તા. ૪થી ઓકટોબર શુકવારે સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન ગાયત્રી શક્તિપીઠના ધ્યાન ખંડમાં યોજાશે. જે ભાવિકોને આ તર્પણ વિધિમાં ભાગ લેવાનો હોય તેમણે ૨જી ઓકટોબર પહેલા ગાયત્રી શક્તિપીઠ પર પોતાના નામ-સરનામા અને ટેલિફોન નંબર સાથે નોંધણી કરાવી દેવાની રહેશે. તર્પણ વખતે તેમણે એક ટુવાલ અને બે મોટા બાઉલ લઈ જવા વિનંતી કરવામાં આવી છે.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૭

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં અપડાઉન કરતા વિદ્યાર્થીઓના વાલીઓનું મિલન સમારંભ યોજાયો હતો. શાળા સંચાલક ભરતભાઈ કુમારે આદર્શ વાલી તરીકેની સમજણ આપી હતી. આચાર્યા વૈશાલીબેન પારેખે વાલીઓને નાસ્તા વિશે અગત્યની વાત સમજાવી હતી. વાલી સંમેલનમાં અઠવાડિક નાસ્તાનું પત્રક બનાવેલ હતું. જેનો પ્રતિભાવ સારો મળેલો હતો.

ગાંધી મિત્ર વર્તુળની બેઠક

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના 'ગાંધી મિત્ર વર્તુળ'ની આ માસની બેઠક આજે સાંજે ૫ કલાકે સેક્ટર-૨૨માં રહેતા ગાંધીજન ગિજુભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને યોજાશે. તેમનું સરનામુ પ્લોટ નં. ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨ છે. ગાંધી મિત્ર વર્તુળના દરેક સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે.

સરકારી વિનયન કોલેજ સોફટ બોલ ટુર્નામેન્ટમાં વિજેતા

ગાંધીનગરની સે-૧ પમાં આવેલી સરકારી વિનયન કોલેજની ટીમે ગુજરાત યુનિવર્સિટીની દક્ષિણ વિભાગની આંતર કોલેજ સોફટબોલ સ્પર્ધા જીતી લીધી હતી. વિનયન કોલેજ ટીમના પાંચ ખેલાડીઓ યુનિવર્સિટીની ટીમમાં સિલેકશન માટે પસંદગી પામ્યા છે. તા.૧૬મી સપ્ટેમ્બરે આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ ખંભાત ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં નગરની સરકારી વિનયન કોલેજની ટીમ ઉત્કૃષ્ટ દેખાવ કરી વિજેતા બની હતી. આ ટીમના પાંચ ખેલાડીઓ શૈલષ વિહોલ, શંભુ ઠાકોર, ગુણવંત પટેલ, રાકેશ પટેલ અને જસ્મીન પટેલ ગુજરાત યુનિવર્સિટીની ટીમના સિલેકશન માટે પસંદગી પામ્યા હતા. વિજેતા ટીમ અને ઉપરોકત પાંચ ખેલાડીઓને કોલેજના આચાર્યા નિયતીબેન મિસ્ત્રી, જીમખાનાના ચેરમેન એન.આર. પરમાર, પીટીઆઈ એ.જી. પટેલ તથા કોલેજ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો

જમીયતપુરા સ્માર્ટ સ્કુલમાં એલસીડી સ્ક્રીન પર શિક્ષણ

ગુરૂજી ઓનલાઈન સોફ્ટવેરની મદદથી રાજયની પ્રથમ સ્માર્ટ સ્કુલ : ૨૬૩ બાળકો સ્ક્રીન ઉપર અભ્યાસ કરે છે

ગાંધીનગર, તા.૨૭

ગુરૂજી ઓનલાઈન સોફ્ટવેરની મદદથી જમીયતપુરાની સરકારી શાળાનાં ધોરણ-૧ નાં બાળકોને ભણાવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં શાળામાં બ્લેકબોર્ડ પર નહીં પરંતુ ૪૨ ઈંચના એલસીડી ટીવી સ્ક્રીનમાં વિદ્યાર્થીઓને ભણાવવામાં આવશે. આ પ્રકારની આધુનિક ટેકનોલોજી ધરાવતી આ શાળા રાજયની પ્રથમ સ્કુલ બની છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ જમીયતપુરાની સરકારી પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ગોવિંદભાઈ પટેલે માતૃઋણ અદા કરવા સોફ્ટવેરની મદદથી સ્માર્ટ સ્કુલ શરૂ કરવાનો સંકલ્પ કર્યો હતો. જેને જબરજસ્ત સફળતા મળી રહી છે. આ માટે ગોવિંદભાઈએ ગુરૂજી ઓનલાઈન નામનું એક ખાસ સોફ્ટવેર વિકસાવ્યું છે. જેનો ઉપયોગ કરી ગત વર્ષે ગ્રામજનોના અને સેવાભાવી સંસ્થાઓની સહકારથી જમીયતપુરાની શાળાને માત્ર ૧૨ લાખ રૂપિયાના ખર્ચે સ્માર્ટ સ્કુલમાં ફેરવી નાખવામાં આવી હતી. જે રાજયની પ્રથમ સ્માર્ટ સ્કુલ બની ગઈ છે. હાલમાં આ શાળામાં ધોરણ- ૧ થી ૮ના ૨૬૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. દરેક વર્ગમાં વિવિધ વિષયોનું એક જ સમયે અધ્યયન કરાવી શકાય છે. આ માટે ગુરૂજી ઓનલાઈન સોફ્ટવેર ઘણું જ ઉપયોગી પુરવાર થઈ રહ્યું છે. જેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓના અધ્યયન, પુનરાવર્તન અને સ્વ મુલ્યાંકનને મહત્વ આપવામાં આવ્યું છે. આ સોફ્ટવેરની મદદથી બાળકોને વર્ગમાં દરેક એકમનું અધ્યયન અને પુનરાવર્તન કોમ્પ્યુટર દ્વારા કરાવાય છે. નિષ્ણાંતો દ્વારા તૈયાર કરાયેલા સાહિત્યથી બાળકોને ભણાવવાની સ્કિલનો વિકાસ થયો છે. આ સોફ્ટવેરથી પરીક્ષાની લાંબી પ્રક્રિયામાંથી પણ શિક્ષકોને મુક્તિ મળી છે.

બાળકોની ઓનલાઈન પરીક્ષા લઈને ઝડપથી પરીણામ જાહેર કરી શકાય છે. જમીયતપુરાની સરકારી શાળામાં સ્માર્ટ સ્કુલના કંસેપ્ટને મળેલી સફળતા જોતા રાજયની અન્ય શાળાઓમાં પણ ટુંક સમયમાં આ પ્રોજેકટ અમલી બને તો નવાઈ નથી.

જે પીડ પરાઈ જાણે રે..

બીજી ઓકટોબરે સુર અને સ્વરથી ગાંધી વંદના કરાશે

ગાંધીનગર, તા.૨૭

દર વર્ષની માફક આ વર્ષે પણ કલા ગુર્જરી દ્વારા ૨જી ઓકટોબરે 'ગાંધી જયંતિ' દિને મહાત્મા ગાંધીના પ્રિય ભજનોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સાંપ્રત સમયમાં પૂ. ગાંધી બાપુના વિચારો સમાજ જીવનની સમસ્યાના સમાધાન માટે વધુને વધુ ઉપયોગી થઈ રહ્યા છે. સમગ્ર દેશના અબાલ વૃદ્ધ સૌ ગાંધી વિચારોને પ્રેમ કરે છે. આથી નગરની સંસ્થા કલા ગુર્જરી દર વર્ષે આપણા સૌના પ્યારા પૂ. બાપુના જન્મદિવસે તેમને પ્રિય હતા તેવા ભજનોના કાર્યક્રમનું આયોજન કરેલ છે. જે નગરનું નામ ગાંધીબાપુ સાથે જોડાયેલ છે તેના નગરજનો આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાય તે માટે કલાગુર્જરી દ્વારા જાહેર નિમંત્રણ આપવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વના આ મહાપુરુષ, શાંતિદૂત અને અહિંસાના પુજારીના જન્મદિવસને સમગ્ર વિશ્વ 'અહિંસા દિવસ' તરીકે ઉજવે છે. ગાંધીજયંતિએ આ કાર્યક્રમ ટાઉનહોલની લોનમાં સવારે ૬.૩૦ વાગ્યાથી ૮.૦૦ વાગ્યા સુધી યોજાશે.

વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા

ગાંધીનગર, તા.૨૭

શ્રી હરિઓમ આશ્રમ પ્રેરિત અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરની કચેરીના ઉપક્રમે ૨૮મી વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા આગામી ફેબ્રુઆરી ૨૦૧૪માં યોજાશે.

તદ અનુસાર આ સ્પર્ધામાં તા. ૩૧-૧૨-૨૦૧૩ના ૧૮ થી ૪૦ વર્ષની વય મર્યાદા ધરાવતા કોઈ પણ યુવક યુવતી ભાગ લઈ શકશે. આમ છતાં સમુદ્ર તરણ સ્પર્ધામાં ખાસ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરી હોય અને વય જૂથમાં ન આવતા યુવક યુવતીઓ અરજી કરવા પાત્ર છે. પરંતુ આવા સ્પર્ધકોની અરજીને પસંદગી સમિતિ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે તો તેઓ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. યુવકો માટે ૨૧ દરિયાઈ માઈલ અને યુવતીઓ માટે ૧૬ દરિયાઈ માઈલનું અંતર કાપવાનું રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયત અરજી પત્રક કચેરીના કામકાજ દિવસો દરમિયાન કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નં. ૧૧/ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ૩૮૨૦૧૦નો સંપર્ક સાધવાથી પ્રાપ્ત થશે. સંપૂર્ણ વિગતો સાથેના અરજી પત્રકો ઉકત સરનામે તા. ૩૦-૧૦-૨૦૧૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

કવિ નાટયકાર ચિનુ મોદીના ૭૫મા વર્ષ પ્રવેશ નિમિત્તે ત્રિ-દિવસિય નાટય મહોત્સવ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના જાણીતા કવિ નાટયકાર શ્રી ચિનુ મોદીના પંચોતેરમા વર્ષ પ્રવેશ નિમિત્તે ત્રિદીવસીય નાટય મહોત્સવનું આયોજન અસાઈત સાહિત્ય સભા દ્વારા કરવામાં આવ્યું છે. આગામી તા.૩૦મી સપ્ટેમ્બરથી રજી ઓકટોબર સુધી તતત ત્રણ દિવસ રોજ રાત્રે૮ કલાકે શ્રી રા.વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહત્ય પરિષદ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની પાછળ, અમદાવાદ ખાતે શ્રી ચિનુ મોદી લેખિત નાટકો ભજવવામાં આવશે.

પ્રથમ દિવસે એટલે કે તા. ૩૦મી સપ્ટેમ્બરના રોજ ટ્રાન્સ ઈન્ડિયા ફાઉન્ડેશન અને ફેનેટિકા દ્વારા ચિનુ મોદી દ્વારા રૂપાંતરિત ફેન્ય નાટક શુકદાન ભજવાશે. દ્વિતિય દિવસે મેમરીલેન અને તૃતીય દિવસે સ્વપ્ન; દુ:સ્વપ્ન ભજવાશે.

સવાર એટલે દિવસની ટપાલ પેટીમાં રોજ આવી ચડતું પંખીનું ગીત

વિચારોનાં મધુવનમાં

- પ્રા. ડૉ. રાકેશ આર. પટેલ

જીવનને પુરેપૂરું ન જીવવું એ જીવન આપનારનો દ્રોહ છે. જેમ હાસ્ય વિનાની મુખાકૃતિ ચહેરાને બદસૂરત બનાવે છે, તેમ સુ-પ્રભાત વગર દિવસની ગાડીને એકસલેટર નથી લાગતું. કોઈની સવાર ત્રણ બાય છ (૩૮૬) ફૂટની જગ્યામાં સમાઈ જાય છે, તો વળી કોઈ સદભાગીની સવાર આકાશના સ્વચ્છ રંગોમાં, પંખીઓના મધુર કલરવમાં અને શુદ્ધ ઓક્સિજન સાથે ખીલી ઊઠે છે. અણધાર્યા વરસાદની જેમ આવી પડનારા દિવસભરનાં કામો ઉપર સવારની સ્પષ્ટ છાપ પડે છે. જેની સવાર ખીલી ખીલી તેનો દિવસ ભર્યો-ભર્યો. જેમ મનગમતી વાનગીઓને ઝાપટતા હોઈએ છીએ, તેમ જીવનને ઝાપટવું હોય તો સવારની ખૂબસૂરતીને અંકે કરી લેવી પડે.

સવારની ડીશમાં યોગ, કપાલભાતી અને કાજુ બદામ પણ હોઈ શકે. જેમ જેમ વાનગીને ન્યાય આપતા જઈએ તેમ તેનો ચસકો લાગતો જાય છે. જીવનની પ્રભાત એટલે બાળપણ અને બાળપણને મમળાવવું અને માણવું સૌ કોઈને ગમે છે, તેમ દિવસનો પ્રારંભ સૂર્યની સોનેરી કિરણો સાથે પસાર કરવાનું કોને ન ગમે?

એક સમયે ઘરનો લાડકો રેડિયો હતો. તે આજે ફરીથી પોતાનું અસ્તિત્વ વિસ્તારવા લાગ્યો છે. એફ.એમ. રેડિયો - વન સતત મહમ્મદ રફી, કિશોરકુમાર અને મુકેશના ગીતો રણકાવે છે. ઓલ ઈન્ડિયા રેડિયો પોતાની રાષ્ટ્રીય છબીને બરાબર જાળવી રહ્યો છે. સવારના પહોરે રેડિયોના લગભગ બધા સ્ટેશન ઉપર ભજન , ધૂન અને પ્રાર્થના આવે છે, જેમાં આધુનિકતાનાં રંગો પૂરાયેલા હોય છે.

સવારની સાચી ઓળખ તેની સાદગી અને સુંદરતામાં મપાય છે. એવું કોણ કહી શકે કે મને સવારની આ ઘટના કે સ્થિતિ પસંદ નથી. જીવનને આમંત્રણ આપવું એ જ પ્રભાતનું પ્રથમ કર્તવ્ય છે. સ્થિતપ્રજ્ઞ વૃક્ષો જાણે નવી કૂપણો સાથે સવારને આવકારવા થનગની રહ્યા છે. ખરી પડેલા પાંદડા જેવા માણસોને જ કદાચ સવારની સુંદરતાનો વૈભવ જાણમાં આવતો નહીં હોય. હવામાં ફેલાયેલી ગંધને પોતાની કરવા પગને કામે લગાડવા અર્ધ મીંચાયેલી આંખો માટે સૃષ્ટીનો વૈભવ ખોલી નાખવા સવારની એક છાલક પૂરતી છે.

જીવન આપણી સામે હસે છે, જયારે આપણે નાખુશ હોઈએ છીએ. પણ જયારે આપણે બીજાને ખુશ કરીએ છીએ ત્યારે જીવન આપણને સલામ કરે છે.

એક ભાઈ પોતાની સવારને કૂતરાઓની સેવામાં અર્પણ કરે છે, બીજા એક વડીલ મોબાઈલ ઉપર ભક્તિમય ભજનને સાંભળે છે અને એક વિદ્યાર્થી ઊંડો અભ્યાસ કરે છે. ભોગી સુખને શોધે છે, જોગી આનંદને આરાધે છે. મહાપુરૂષો અને સામાન્ય માણસને જો કોઈ ઘટના જુદી પાડતી હોય તો તે સવારની ઘટના છે. ઉષાના સૂર્યના કિરણો વ્યક્તિમાં ઉર્જા પહોંચાડે છે.

કેટલાક પીણા જીવનને ઉર્જા આપનારા હોય છે, જેમાં ચા અને કૉફીનો સમાવેશ થાય છે. સવાર અને બપોરની ચા ભલે એક હોય પણ બંને અલગ-અલગ કામ કરે છે. સવારની ચા સ્ફૂર્તિ આપનારી અને બપોરની ચા આળસ દૂર કરનારી બની રહે છે.

ઈશ્વર - અલ્લા - ઈશુ દરેકને પ્રભાતનો ગુલદસ્તો આપે છે કારણ કે, તેમને આપણામાં નવો જોમ અને જુસ્સો ભરવો છે, ઉત્સાહનું સિંચન કરવું છે. પ્રાચીન સમયમાં રાજા દિવસમાં અમુક સમયે દાન કરતા, તે જ રીતે સવારના સમયે કૃપાળુ પ્રભુ હરકોઈ માણસને દૈવી "આરોગ્ય ડીશ" આપે છે. જેમાં ઉત્સાહની અને ચેતનાની કોઈ કમી હોતી નથી. છતાં, કેટલાક મુજી માણસો આ સમયને ચૂકી જઈને જીવનની હરિયાલીને એમ જ ગુમાવે છે.

આકાશ આપણને કહેતું નથી કે તું મારી સામે જો, પવન નથી કહેતો કે તું મારો અનુભવ કર, સૂરજદાદા વિનંતી નથી કરતા કે મને નમસ્કાર કર, પણ આપણને ગરજ છે, તેથી આ બધા તત્ત્વોને આપણે નિહાળીએ છીએ અને આરાધીએ છીએ. સવારની નિવરતા અને શાંથિ કુદરતે નિર્માણ કરેલી છે, છતાં આપણે સૌએ સાથે મળી તેને પ્રદૂષિત કરવાનો પૂરો પ્રયત્ન કરીએ છીએ.

મહાનગરોની સવાર જ પ્રદૂષિત પછી દિવસ તો કેવો જાય! જેમ કેટલાક માર્ગો 'વન-વે' તરીકે કામ કરે છે, તેમ સમાજે પણ સવારને સાચવવા માટે કેટલાક નિયમો બનાવવા જોઈએ. રાત્રે વહેલા ન સૂવું એ પણ સવારને બગાડનાર ઘટના છે. ટીવીનું દર્શન મોડે સુધી કરીને અમૂલ્ય એવી અરૂણોદયની આરતી ઉતારવાની રહી જતી તે એક આત્મ ખોજનો વિષય જ ગણાય.

સવારની દૈવી અસરને સમજવા સ્વામી વિવેકાનંદજીના આ જીવન પ્રસંગને માણસ જેવો છે. વાત સને ૧૯૦૦ ની છે. સ્વામી વિવેકાનંદના એક શિષ્ય મિસ્ટર સોવિયર હિમાચ્છાદિત માયાવતી અદ્વૈતાઆશ્રમમાં અવસાન પામ્યા. મિસિસ સોવિયરને આશ્વાસન આપવા માટે સ્વામીજી ત્યાં સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર પહોંચ્યા. ઘણા દિવસો આશ્રમમાં વિતાવ્યાં પછી માયાવતીના વિસ્તારમાં આવેલી ધરમગર નામની એક સૌથી વધુ ઊંચી ટેકરી ઉપરથી હિમાચ્છાદિત શિખરોની હારમાળઆનાં સૌથી વધુ સુંદર દર્શન કરી શકાય છે. એક સવારે સ્વામીજી સૌ આશ્રમવાસીઓને સાથે લઈને એ ટેકરી ઉપર જઈ પહોંચ્યા. એ સ્થળે તથા આસપાસનાં સૌન્દર્ય મંડિત વાતાવરણને એમના ઉપર એટલો બધો પ્રેમ પાડ્યો કે એ જ સ્થળે એક કુટિર ઊભી કરવાની એમને ઈચ્છા થઈ આવી. કશા અંતરાય વગર એકાંતમાં એ સ્થળે ધ્યાન કરી શકાય એવું એમને લાગ્યું. અને એક દિવસ તો મિસિસ સોવિયરને કહ્યું પણ ખરૂં : 'જીવનના ઉત્તરકાળમાં હું સઘળી જાહેર પ્રવૃત્તિઓનો ત્યાગ કરી અને લેખન વ્યવસાયમાં કે એક બાળકની જેમ મુક્તમને સરોવર કિનારે ગુંજન કરતાં કરતાં દિવસો વ્યતીત કરીશ.'